# અમદાવાદ (ગ્રામ્ય)મહે. ૩જા એડીશનલ જ્યુ.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં

# મુ.અમદાવાદ

ક્રિમીનલ કેસ નંબર: 26022-24

- આ કામે આરોપી સામે .બી.એન.એસ. એસ ની કલમ ૨૮૧ , એમ.વી.એકટની કલમ .... મુજબનો ચાર્જશીટ રજુ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોત ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે તેઓ પોતે ગરીબ વર્ગના છે અને કુટુબ ની જવાબદારી તેમના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે.અને ભવિષ્યમા આવા કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.આરોપીનુ નિવદેન લેતા તેની કબુલાત સ્વૈછીક હોવાનુ તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનુ જણાઈ આવે છે આરોપીને ગુનાની સજાની જોગવાઈઓ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનુ જણાઈ આવતુ હોય હાલની કબુલાત રેકર્ડ કરવામા આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી અને જે સંજોગોમા ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતે ધ્યાને લેતાં આરોપીને ઓછામા ઓછી સજા કરવા માટેનો યોગ્ય હોવાનુ જણાય છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ૨૦૦૫ (૧) જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચન્દ્ર ઠાકોરના પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સાનમા ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાતને ધ્યાને લઈ ક્રિ.પો.કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**હુકમ**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.૨૭૮(૨) અન્વયે તકસીરવાન ઠરાવી બી.એન.એસ. એસ ની કલમ ૨૮૧ , એમ.વી.એકટની કલમ .... ના ગુનામાં રુ..૫00– અંકે રુપીયા પાચસો સો........... પુરાનો દંડ કરવાનો અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન– ૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામે વેલ્યુબલ મુદામાલ અંગે જો કોઈ હુકમ અગાઉ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. અને જો ના થયેલ હોય તો તે બાબતે માલીકી પણાની ખાતરી કરી તેના અસલ માલીકને પરત કરવો તેમજ રોકડ નાણા સરકાર ખાતે ખાલસા કરવામાં આવે છે.તેમજ બાકીનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છ

આ હુકમ આજરોજ તારીખ: ૧૪–૦૯–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી ઘોષીત કર્યો.

તા.૧૪–૦૯–૨૦૨૪

અમદાવાદ.

(એસ.શર્મા)

**૩જા** એડીશનલ જયુ.મેજી.ફ.ક

અમદાવાદ (રુરલ)